# પ્રાથમિક કન્યા શાળા, નેનપુરની વિદ્યાર્થીનીઓએ
# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલીની મુલાકાત લીધી

પ્રાથમિક કન્યા શાળા, નેનપુરના છ થી આઠમા ધોરણમાં અભ્યાસ કરતી કુલ ૧૦૦ વિદ્યાર્થીનીઓએ પ્રાકૃતિક ખેતી અને કૃષિ વિષયક માહિતી મેળવવાના હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને ફાર્મ ટેકનોલોજી ટ્રેનીંગ સેન્ટર, નેનપુરની તા. ૨૦/૧૨.૨૦૨૪ ના રોજ મુલાકાત લીધી. આ અન્વયે ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને વડાશ્રી દ્વારા વિદ્યાર્થીનીઓને કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન અને વિસ્તરણ સંલગ્ન પ્રવૃતિઓ, વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિઓ વિશે; ડૉ. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે વિદ્યાર્થીનીઓને ફાયદાકારક અને નુકસાનકારક કીટકો તથા કૃષિ અભ્યાસ અને રોજગારની તકો વિશે તથા ડૉ. બી. એન. ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીએ પ્રાકૃતિક કૃષિ વિષે માહિતી આપી હતી. વધુમાં, વિદ્યાર્થીનીઓને સંશોધન ફાર્મ અને મ્યુઝિયમની મુલાકાત કરાવી વિવિધ કૃષિ વિષયક તાંત્રિકતાઓ વિષે માહિતગાર કરવામાં આવેલ.







